# Greenlawns High School

Gujarati Language II Worksheet Marks: 80

For the Terminal Examination Year 2024-25

STD 5- A B C Date:-

## વિભાગ – અ

પ્રશ્ન 1) નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. **(Write an essay from any of the topics given below)** **(10Marks)**

1) મારી પ્રિય ઋતુ 2) મિત્રો સાથે એક સાંજ દરિયા કિનારે 3) વૃક્ષ આપણાં મિત્રો

પ્રશ્ન 2) તમારા મિત્રને તમારા ઘરે નાતાલ(ક્રિસમસ) વેકેશનમાં તમારી સાથે રહેવા આવવાનું આમંત્રણ આપતો પત્ર લખો **(7Marks)**

અથવા (OR)

પ્રશ્ન 2) તમારા મિત્રને દિવાળી વેકેશનમાં તમારી સાથે ફરવા આવવાનું આમંત્રણ આપતો પત્ર લખો

પ્રશ્ન 3) નીચે આપેલો ગધ્યખંડ વાંચી તેની નીચે આપેલા સવાલના જવાબ લખો.
**(Read the passage carefully and answer the questions mentioned in the next page)** **(10Marks)**

નાનપણમાં મને ફૂલોનો ખૂબ શોખ હતો. ફૂલ જેવી સુંદર અને પવિત્ર વસ્તુ જગતમાં કોઈ નથી. પૃથ્વી ઉપરનાં ફૂલોએ અને આકાશમાંના તરાઓએ મારા જીવન ઉપર ઘણી અસર કરી મારા પિતાને પણ ફૂલોનો ખૂબ શોખ. પૂજા માટે તેમને રોજ ઘણાં ફૂલો જોઈતાં.

મારા પિતા પાસેથી ફૂલો માટેનું ગાંડપણ મને મળ્યું હતું. પરંતુ મા પાસેથી હું ફૂલો ઉપર પ્રેમ કરતાં શીખ્યો.આજે હું ફૂલ તોડતો નથી. ફૂલ એટલે પરમેશ્વરની રસમયી, સૌંદર્યમયી મૂર્તિ, એમ મને લાગે છે. પરંતુ નાનપણમાં હું દેવ માટે ફૂલો ભેગા કરતો. અમારા ગામમાં બકુલ,બોરસલી અને ગુલબક્ષીનાં ફૂલો વધુ થતાં હોવાથી તેની માળા ગૂંથીને ભગવાનને ચડાવાતી. તેમાંય ગુલબક્ષીનાં ફૂલો માટે તો છોકરા છોકરીઓ લડતાં રોજ નિશાળ છૂટતાં જ અમે ફૂલો લેવા માટે જતાં.જે પહેલો પહોંચી જાય તેને વધારે ફૂલો મળતાં.

તે દિવસે રવિવાર હતો. અને મે નક્કી કર્યું કે,આજે બધાં ફૂલો નહિ પણ કળીઓ પણ તોડી લેવી કેમકે ગયા રવિવારે મને એક પણ ફૂલ મળ્યું નહતું. અને મે બધી કળી તોડી લાવીને થાળીમાં પાણી નાખી મૂકી દીધી. સાંજે માએ ફૂલમાંગ્યા તો હું થાળી લાઈગયો પણ ફૂલ બરાબર ખીલ્યાં નહતા કારણકે મે બધી કળીઓ તોડી હતી. અધૂરી કળીઓ ચૂંટેલી હોય તો તે બરાબર ખીલતી નથી તેમ અડધાં-પડધાં કામ પણ બરાબર થતાં નથી. જગતમાં અડધું-પડધું કશુંય હોવું જોઈએ નહિ. જે કરો તે બરાબર સંપૂર્ણ કરવું. અધૂરું કરવા કરતાં ન કરવું સારું. મારી મા મને હંમેશાં કહેતી,શ્યામ! મૂંગી કળીઓને ન તોડતો. તેમને ખીલવાની તક આપજે. બરાબર ખીલવા દેજે.

નીચે આપેલા પ્રશ્નો ના જવાબ આપો (Answer the following questions)

સ-1) નાનપણ માં શ્યામને શેનો શોખ હતો?

સ-2) કયાં ફૂલો માટે છોકરા છોકરીઓ લડતાં?

સ-3) શ્યામના ગામમાં કયાં કયાં ફૂલો થતાં?

સ-4) કયાં ફૂલોની માળા ભગવાનને ચડાવતાં?

સ-5) શ્યામ કઈ વસ્તુ ને સુંદર અને પવિત્ર કહે છે?

સ-6) શ્યામ ફૂલો કોના માટે ભેગાકરતા હતા?

સ-7) શ્યામને પોતાના પિતા પાસેથી શેનું ગંડપણ મળ્યું ?

સ-8) શ્યામ પોતાની માં પાસે થી શું શીખ્યા.?

સ-9) શ્યામની મા તેને કઈ શિખામણ આપતી? શા માટે?

પ્રશ્ન 4) નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો

પ્રશ્ન 4A) રૂઢિપ્રયોગ નો અર્થ લખો (Write the meanings of the idioms below) (4Marks)

1) સપાટો બોલાવવો 2) ખાતરીથવી 3) ઉદ્ધાર થવો 4) મિજાજ જવો

પ્રશ્ન 4B) નીચે આપેલા વાક્યોમાં સંજ્ઞા (નામ) ઓળખી લીટી દોરો (Find and underline the noun in the given sentences) (3Marks)

1) રાજ દિલ્હી માં રહે છે. 2) માથાનો દુ:ખાવો ભારે છે. 3) મને માખણ ભાવે છે.

4) ગિરજંગલ ગુજરાતમાં આવેલું છે.

પ્રશ્ન 4C) નીચે આપેલા શબ્દોની લિંગ બદલો (Change the gender of the given words) (3Marks)

1) શેઠ 2) છોકરો 3) પત્ની 4) બાપુજી 5) વાંદરો 6) દાસ

પ્રશ્ન 4D) નીચે આપેલા વાક્યોના કાળ ઓળખી લખો (Identify and write the tense of the below sentences)

1)અમે આવતા મહિને ગોવા ફરવા જવાનાં છીએ. (3Marks)

2)કાલે અમે લોકો શાળામાથી પ્રાણી બાગ જોવા ગયા હતાં.

3)ગીતા સુંદર ભજન ગાય છે.

## વિભાગ – બ

પ્રશ્ન 1) નીચે આપેલા શબ્દના સમાનર્થી(અર્થ )લખો (Write the synonyms of the words given below) (3Marks)

1) સહાય 2) પર્વ 3) તસવીર

પ્રશ્ન 2) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો (Write the opposite of the words given below) (3Marks)

1) ભોળું 2) ડાહ્યું 3) ન્યાય

પ્રશ્ન 3) નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો (Rewrite the words correctly) (3Marks)

1) સોરઉરજા 2) પતગીયા 3)શાતી

પ્રશ્ન 4) નીચે આપેલા શબ્દો પરથી વાક્યો બનાવો (Make a sentence from the given word) (3Marks)

1) શરુઆત 2) ચિંતા 3) પ્રદૂષણ

પ્રશ્ન 5) નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દો માં જવાબ લખો (Answer in one word) (6Marks)

1)કોનો જન્મ દિવસ હતો?
2)ઢોકળાં શેમાં બનાવેલાં હતાં?
3)માધવકાકાએ ખીલી લેવા બજારમાં કોને મોકલ્યો?
4)કાનમાં શું ગુંજી રહ્યું છે?
5)રાધકાકી ને કોની છબી ટિંગાડવી હતી?
6)ફૂલડાઓ શું ફેલાવી રહ્યાં છે?

પ્રશ્ન 6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યોમાં જવાબ આપો (Answer in one sentence) (5Marks)

1) બધાં સવિતામસીના ઘરે શાં માટે ગાય હતાં?
2) મુખ્ય ઋતુઓનાં નામ લખો?
3) માધવકાકાની આંગળી કેવી રીતે કપાઈ ગઈ?
4)પેટા ઋતુના નામ લખો?
5) સવિતામસીએ સૂર્યકૂકર તડકામાં કેમ મૂક્યું?

પ્રશ્ન 7) નીચે આપેલા પ્રશ્નોના 2 કે 3 વાક્યો માં જવાબ આપો (**Answer in 2-3 lines**) **(6Marks)**

1) આપણે સૌરઊર્જાનો ઉપયોગ શા માટે વધારવો જોઈએ ?

2) ગ્રીસ્મ ઋતુ વિષે લખો 2 થી 3 વાક્યો ?

3) સૂર્યઊર્જાથી કઈ કઈ વસ્તુઓ વાપરી શકાય છે?

પ્રશ્ન 8) પૂરા વાકયોમાં જવાબ લખો (**Answer the following in detail**) **(6Marks)**

1)સૂર્યકુકરનો ઉપયોગ કેવી રીતે કરાય છે?

2)માધવકાકાને કોણે કોણે શી મદદ કરી?

પ્રશ્ન 9) નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો (**Compleate the following poem**) **(5Marks)**

આનંદ ઉછાળે રંગોનો તહેવાર,------------------------------;

-------------------------------

-------------------------------

-------------------------------

-------------------------------

-------------------------------

------------------------------ભૂલકાઓને ખૂબ ગમી વસંત,

**BEST OF LUCK**